ગુલાબવહુ અને મગન લાલ માસ્તરનો રમુજ ફારસ.

બનાવનાર

ગો. બા.

પ્રસીધ કરનાર.

નગીનદાશ. શુંદરજી

મુંબઈ.

પારસી પ્રિંટિંગ પ્રેસ.

સાને ૧૮૮૮.

કીમત ૨ આના.

ગુલાબવહુનો ફારસ.

પ્રવેસ ૧ લો.

સ્થળ—ગાંડા ઘાંચીનું ઘર.

ગાંડો—અલી શાંભળેછે કે? વેહેલી વેહલી, રશોઇ કર મને ભુખ લાગીછે ઉઠ ઝટકર.

ગુલાબ—શાભળું શાભળું આજે તો ઘરમાં લાકડાં પણ નથી ચુલામાં શું મારા કેતમારા ટાટીઆં મેલું.

ગાંડો—મેડા ઉપર જોતોખરી થોડા ઘણાં એઠાણ પડયાં હશે નહોયતો પાડોશીના ઘરમાંથી ઉછીના લાવ.

ગુલાબ—નુવાને કમાવું નહી ને ધમાવુ નહી ને સવાર પડેછે એટલે પેટમાતો ખાડો પડેછે ધુળ વાળોને બાપે કમાવતાં તો શીખવું નથી.

ગાંડો—વળી ગડબડ કરેછે કે ત્યારેશું તારી કેમાઇ ખાતા હોઇશું તું માથે પાઘડા ઘાલીને બજારમાં જતી હોઇસ.

(ગાંડો માથે પાઘડી પેહેરીને જાય છે આ પછે

મગનલાલ માસ્તર આવેછે તેને જોઇને)

ગુલાબ—આવોને માસ્તર શાહેબ તમે વળી ઘણે દાહાડે દરશંન આપ્યાં રોજ તમારી વાટ જોઆ કરૂંછું નેસું તમેતો હવે આવતા પણ નથી.

(એમ કહી ખુરશી ઉપર બેસાડે છે.)

મગનલાલ—અમારા ગાંડાભાઇ ક્યાં ગયાછે.

ગુલાબ—આજે કમાવા ગયાછે ઘરમાં લાકડાં તો છે નહી સવાર પડે એટલે સુવાને પેટમા તો ખાડો પડેછે તેથી જરા કેહેવું પડ્યું તેથી માથે પાઘડું ઘાલીને ગુશામાંને ગુશાંમાં બજાર કમાવા ગયાછે ઠીક થયું આપણે બેઘડીવાર નીરાંતે વાતો કરીશું.

મગનલાલ—તમારે પઇસા જોઇએતો મને કહેજો મારા બાપ ઘાણુંએ કમાય છે તે શું કરવાનુંછે ખાઇ પીઇને ચેંન કરીશું લ્યો આ વીંટી. (એમ કહી પોતાને હાથેથી વીંટી કાહાડી આપેછે.)

ગુલાબ—(વીંટી જોઇને) આતો શોનાની છે એક તોલાનીછે તેનાં વીશ રૂપીઆ આવશે તેમાંશું એક મહીના શુધી ખરચ ચાલશે કાલે બીજા થોડા રૂપીઆ લેતા આવજો

પણ કેવું રૂપછે ને બોલવાની છટા કેવી છે

ચુનીલાલ—હા ભાઇ લટકછટક કરતી ચાલે છે.

છગાનલાલ—એ માસ્તરની શી સગી થતી હશે.

અમરતલાલ—સગીતો એજતો.

ચુનીલલા—એજતો એટલે શું.

અમરતલાલ—સમજો નહીં કે તારા બાપ તેની વહુના છોકરાનાં છોકરાની મા તે તારી શી સગી થઇ.

ચુનીલાલ—હાહા મારા છોકરાની મા થઇ

છગાનલાલ—હું પણ શમજો ઘરવાળી (બાયડી)થઇ.

મણીલાલ—માસ્તરતો વાણીઆ છે ને ગુલાબ વહુ તો ઘાંચણ છે તે કેમ.

અમરતલાલ—ભાઇ પ્રીત બંધાય તો ઘાંચી વાણીઆમાં જુદાઇ ગણાય નહીં (કેવતછે કે રાજાને ગમી રાણી તો છાંણા વીણતી આણી.

ચુનીલાલ—ખરીવાતછે હવે વેહલા વેહલા ચાલો આપણને ઘણીવાર થઇ માસ્તર વાટ જોશે.

પ્રવેશ ૨ જો.

ગાંમની બાહાર જંગલ.

ગાંડો ઘાંચો નોરાશ. થઇને કપાલે હાથ દઇ ને ઝાડ તળે બેસીને કહેછે અરેરે ગામમાં તો કોઇએ ડોકર

ગુલાબ—રસોઇ તો તૈયાર છે જમીને જાવ આ ઉંદરછે તેના એકહજાર રૂપીઆ આવે તો વેચજો ઓછે વેચશો નહીં ને વેચ્યા વગર પાછા ઘેર આવશો તો ઘરમાં નહીં ઘાલું

ગાંડોઘાંચી—ઠીકછે મારી વાહાલી ગુલાબ હું જઉછું પરમેસ્વર કરશે તો ઉંદર વેચી નેજ આવીશ. (જાયછે.)

ગુલાબ—(પછવાડે છાજીઆ લેતી લેતી,) વેહેલા વેહેલા આવજો આ ગામમાં ન વેચાય તો બીજે ગામ જજો પણ ઊંદરને વેચીને આવજો એક હજારમાં ઓછું લેશો નહીં. (એટલામાં મગનલાલ માસ્તરના ઇસ્કુલના છોકરાવો આવેછે.

છોકરાવો—ગુલાબ શેઠાણી લ્યો આ દુધ માસ્તર શાહેબે મોકલ્યું છે ને આ પરવળનું શાકછે ને આ કુબીનુ શાકછે ને આ જુમખાં દોડાંનુ શાકછે

ગુલાબ—માસ્તરને કેજો કે ઘાટ ઘડયો છે તમે હવે નીરભય થઇને આવજો જરૂર કેહેજો. (છોકરાવો ઘરમાથી બાહાર આવીને એક બીજાને કહેછે.

અમરતલાલ—જોયું ભાઇ ચુનીલાલ ઘાંચી છે

ગુલાબ—હવે પીટાનો હું ઘાટ ઘડું છું.

મગનલાલ—ના ના અરેરે બૌચાગને મારી ના ખસો નહી.

ગુલાબ—અરે કાંઇ ગાંડા થયા કે સું મારીનખાય મારી નાખીએ તો ઘાંચીની જાતમા તો વલી નાતરેજવું પડેતો વળી બીજો કોણ જાણે કેવો ભાયડો મળે એ આપણને ઠીક છે ગાંડા જેવોછે તેથી જેમ કરીએ તે પાલવે ગરીબછે તેથી જે કહીએ તે શાંખી ને બેશી રહેછે.

(માશતર જાયછે) ગુલાબ વહુએ પોતાના ઘરમાર્થો એક ઊંદરને પકડીને પાંજરામા રવા દીધોછે ગાંડો ઘાંચી લાકડાનું ગાડુ લઇને આવેછે તેને જોઇને.

ગુલાબ—આ મોટું ગાડું ભરીને લાકડાં કેટલાના લાવ્યા.

ગાંડોઘાંચી—બે રૂપીઆનું ઠરાવેલું છે તેમાં રૂ૧) આપ્યોછે બાકી રૂ૧) તું એને આપ.

ગુલાબ—મારી પાસે રૂપીઆના ઝાડબાડ છે કે શું તે તોડીને આપુ તમારેતો કાંઇ ઉધમ કરવો નહી

ગાંડોઘાંચી—તું આજે ઝટ રશોઇ કરી આપ હવે હું વેપાર કરીશ દેશની દલાલીમાં કાંઇ વળ્યુ નહીં.

કરતીછે તમારા બાપને ઘેરતો ઘણીએ વીંટીઓ છે.

મગનલાલ—રાખો ત્યારે હજી ગાંડોભાઇ નથી આવ્યો કે શું.

ગુલાબ—મુવો આવ્યો હતો તેને મેં લાકડાં લેવા મોકલોછે તે હમણાં આવતો હશે.

મગનલાલ—હું તો જઉછું વળી પછી આવીસું

ગુલાબ—માસ્તર સાંજે દુધ મોકલજો શાક પણ નથી નવી તરેનુ શાક મોકલજો.

મગનલાલ—શાકને દુધ વીગરે જે જોઇએ તે તમારે મને કેહેવું હું ઇશકુલનાં છોકરાવો સાથે પરબારૂ મોકલી દઇશ પણ તમે આજે આમ ઉદાશ કેમ થઇ ગયા છો. તમારૂં નામ ગુલાબ વહું ને તમારૂં મોહડું જયારે જોઇએ ત્યારે ગુલાબના ફુલ જેવું ખીલેલું હસ્તુ ને હસ્તું હોઅને આજે કાંઇ ચંતામાં છો.

ગુલાબ—તમે આવોછો ત્યારે મને શારૂં લાગેછે ને પાછા જવાને ઉભા થાવોછો ત્યારે હું નીરાશ થઇ જઉછું.

મગનલાલ—ગાંડો ગાચી તામારો વળી આવી પડેતો ફજેતી થાયે તેથી શરમના મારયા બીક લાગેછે.

ગુલાબ—તમારા બાપ કમાયા હતા તે તમને કમાવતાં આવડે.

મગનલાલ—આપણાં દાહાડા હમણાં વાંકા છે. તેથી દલાલી થતી નથી બજાર ઢીલીછે તેથી તેલની આવક નથી.

ગુલાબ—મફતનું ખાવું ને મશીદ સુવું કામાતાં આવડુ નહી લ્યો આ એક રૂપીઓ લાકડાં લઇ આવો પણ એ ઠેકાણે ફરીને શારો માલ ને સશતો લાવજો (જાયછે.)

(મગનલાલ માસ્તર આવેછે તેને જોઇને)

ગુલાબ—આવોને માસ્તર શાહેબ આજને આજ વેહેલા વેહેલા પધારા.

મગનલાલ—આજે શનીવાર છે તેથી છોકરાવો ને વેહેલી રજા આપીને* પગાર પણ મળ્યો તે તમને આપવા શારૂં આવ્યોછુ (આપેછે.)

ગુલાબ—(ગણીજોઇને) આતો શાઠ રૂપીઆ છે.

મગનલાલ—હા શાઠ રૂપીઆ મહીનો મછેજે તે લાવીને આપ્યા હવે પેલી વીંટી પાછી આપોને.

ગુલાબ—(પોતાને હાથે વીંટી જોઇને આ વીટી તો મારે હાથે બહુ શોભે છે તમારે શુ.

મગનલાલ—કાલે ઇસ્કોલમાંથી પગાર મળશે તે લાવીશ.

ગુલાબ—ઠીકછે જેટલા રૂપીઆ મળે તે બધાએ લાવજો.

મગનલાલ—ઠીકછે આજતો હું જાઉછુ કાલે પગાર મળશે તે તમને આપી જઇશ મારા બાપને ઘેરતો ઘણો પઇશોછે પણ ડોશો જીવેછે ત્યાં સુધી આપણાં હાથમાં અડકું નથી પણ ડોશાને શો વરસ પુરાં થશે એટલે સરવે આપાણું છે ને હાલતો પગાર મળેછે તે ખીશા ખરચી શારૂં રહેછે તેમાં થી તમારો ખરચ પણ નભશે એમ કહી ચાલતા માડેછે.

ગુલાબ—બહુ તમે આવો છે એટલે જઉ જઉ કરો છો જરાવાર બેશોતો ખરા જવાય છે.

મગનલાલ—ના હવેતો હું જાઉછું હમણાં ગાંડો ભાઇ આવશે તો વળી તેને વેહેમ જશે (જાએછે.) (ગાંડો ગાંચી માથું ખંજવાળ તો ખંજવાલતો આવેછે તેને જોઇને)

ગુલાબ—આવ્યા સું કમૈઇ લાવ્યા જોઉ.

ગાંડોગાચી—આજતો કાંઇ બજારમાં તેલનો સોદા હતો નહી તેથી દલાલી પાકી નહીં.

ફકડ થઇ ફરતી ફરે—તજી નાત જાતને લાજ, રે ગુ૦
ગોરૂં ગાત્ર ગુલાબીછે—વળી હોઠ રાતા ચોળ
લટકછટક કરતી ચાલે—મુખ ભરયું તંબોળ રે ગુ૦
લેસન ઇસ્કુલમાં લઊં—પણ મંન તારી પાસ
રાતે રાણી થાય મારી—દીવશે તારો હું દાસ—રે ગુ૦

ગાંડા—અલી ઊઘાડ બારણું આએ શાંભળી ગુલાબ વહુતો ઘભરાવા લાગી ને મગન માસ્તર ગાભરો બનીને કહેછે ગુલાબ એ કોણછે.

ગુલાબ—મુવો એતો વળી કોણ જાણે કયાંથી આવ્યો બારીએ આવીને જુવેછે તો બે જણા બીજા (પેલાચોર) સાથેછે તેને જોઇને ગભરાયછે.

ગુલાબ—હાય હાય આજે તો ભોગ મળ્યા સાથે બીજા કોઇ બે જણાછે હવે જવાનો ઊપાય નથી બારણા વચ્ચે ઉભાછે.

મગનલાલ—હેહેહે હવે મને કોઇ જગયા ઉપર શંતાડ અમારા લોકને એ વાતનું લછંન લાગે ને ફજેતી થાય કે ઘાંચણ સાથે વટળ્યો હશે.

(પછી બારણા આગલ આવીને)

ગુલાબ—એ કોણ અડધી રાતે આવ્યુછે.

ગાંડા—રાંડ એતો હું આવ્યોછું બારણું ઊઘાડ કમાઇ લાવ્યોછુ.

ગુલાબ—જરા ઉભા રેહેજો દીવો શળગાવીને ઉઘાડુંછું

ગુલાબ—હા માસ્તર શાહેબ તમો તો જરાએ ભુલો એવા નથી.

મગનલાલ—કેમ ગાંડાભાઇની શી વલે કરી.

ગુલાબ—સાંભળો તો ખરા ઘરમાંથી એક ઊંદર પકડી આપ્યો છે તેને એક હુજ્જારમાં વેચ વા મોકલોછે ઓછું લાવશે તો ઘરમાં નહી ઘાલુ એમ કહ્યુ છે ને વેચવા વગર પણ આવવા શારૂં શાફ મનાઇ કરીછે તેંથી મુવો રખડી રજળીને અથડાયા કરશે.

મગનલાલ—તમે જાતનાંતો ઘાંચીછો પણ જેવુ તમારૂ રૂપછે તેવીજ બુદ્ધીછે ને ડાહ્યા પણ છે હવે તમારૂ નામ ડાહી ગુલાબ વહુ કહીશું.

ગુલાબ—ડાહી વહુ કહેજો કે ગાંડી વહુ કહેજો પણ આપણે તો વચમાંથી શાલ કાહાડી નાખ્યું હવે નીરાંતે ચમન ઉડાવીશુ.

(ગુલાબ વહુનાં પ્યારમાં લટ્ટુ બની ગએલો મગન લાલ માસ્ત રાજી થતો થતો ગાય છે.)

(રાગ લટકાળી તારે હોડણે.)

ગુલાબ તારી ચાલપર ખુરબાનછે મગન,
દીલદારછે મગન—ગુલાબ ૦ ટેક.
ગજની ચાલે ચાલતી—વળી બોલે અકડ બાજ.

આ કોઈ છીનાળ રાંડનો ધણી છે, માટે આપણે એના હજાર રૂપીઆ આપીએ પછી એની ખબર લઇશું.

બે ચોર—અમારે ઘેર ચાલો (સરવે જાયછે.)

પ્રવેશ ૩ જો.

સ્થલ કોહોડીઆ તથા ખાંપરો ચોરનું ઘર

ખાંપરો—લ્યો આ હજાર રૂપીઆની કોથળી.

ગાંડો—શબુર કરો એક હજાર બરાબર ગણવાદો પછી પીંજરાને હાથ અડકાડજો.

બે ચોર—સારૂં ભાઇશાબ તમો રૂપીઆ લેઇજાવતો રસ્તે સભાલજો કોઇ લુટી જાય નહી આએ રસ્તે ચોરનો બહુ ભયછે.

ગાંડો—બાપરે ચોરનો ભય છે ત્યારે શું ઉપાય કરી શું (ઘરમાંથી બાહાર જાયછેને પાછો આવે છે)

ખાંપરો ચોર—ભાઇ કેમ જાવ આવ કરો છો.

ગાંડો—મંને ચોરનો ભય લાગે છે.

કોહોડીઆ ચોર—તમે ફકર કરશો નહીં અમે બે જણા તમને તમારા ઘર સુધી મુકવા આવીશું.

ગાંડો—ભાઇ તમારો ઉપકાર માનીશ (જાયછે.)

પ્રવેશ ૪ થો.

ગાંડા ઘાંચીનું ઘર.

મગનલાલ—કેમ ગુલાબ વહુ દુધને શાક છોકરાંઓ આપી ગયા હતા કે નહીં.

નાં હજાર રૂપીઆ આપ્યા નહીં ને વળી કોઇને પુછીએ તો સવ મશ્કરા કરેછે (મસકરી કરેછે) પણ હવે સું કરવું ઘરની બાયડીએ તો સાફ કહ્યું છે જે ઊંદર વેચ્યા વગર આવશો તો ઘરમાં નહીં. ઘાલું અરેરે.

(ઊદાશ થઇ ગયલો ગાંડો ઘાંચી ગાયન કરેછે.)

સખી આવેલો કાર્તક માસ એ રાગ.

ઇશ્વર રાખજો લાજ, કર જોડીને નમું.
એક ઊંદર વેચવાકાજ, અરણ્યમાં હું ભમું.
દીવશ ત્રણ થયા ઉપવાસ, ફાંકા પડે પેટમાં.
એક હજારની એ ગુસ, લે ન કોઇ ભેટમાં,
કપટી કુભારજા ઘેર નાર, રચ્યો ફંદ મુજથી
મારો પ્રાણ તજું આમ, ઉપાય બીજો નથી.

એટલામાં કોહોડીઓ અને ખાંપરો એવા નામનાં બે ચોર આવ્યા તેને ગાંડા ઘાંચીએ પુછ્યું ભાઇ આ ઊંદર વેચાતો લેવોછો, પેલા ચોરોએ વીચાર્યું આ કોઇ મુર્ખ છે એમ જાણી તેણે પુછ્યું. એની શું કીમત બેસેછે.

ગાંડો—મારી બાયડીએ એકહજાર રૂપીઆથી ઓછે ભાવે વેચવા મનાઇ કરી છે તેથી એના એક હજાર રૂપીઆ આપસે તેને એ ઊંદર આપીસ.

કોહોડીઓનેખાંપરો—(એક બીજાના શામુ જોઇને

(કો કોડીઓને ખાંપરો બે જણા વીચાર કરેછે કે ઘરમાંતો અજવાળુંછે ને આ ખોટું બોલેછે માટે તેની તં પાશ કરવી તેથી કમાડનાં બાકોરામાંથો જુવેછે તો ઘરમાં એક ખુણામાં કોઠીછે તેમાં મગનલા લ માસ્તરને સંતાડેછે ને કહેછે કે આમાં છાના માના બેસી રેહેજો કાંઇ બોલસો નહીં થોડીવાર માં હું એ મુવાને રવાના કરૂં છું.

(પછે કમાડ ઉગાડછે.)

ગાંડો—અલીએ આ એક અજાર રૂપીઆ.

ગુલાબ—એતો ઠીક પણ આ શાથે આવ્યાછે તેનુ શુ કામછે વદયા કરો.

ગાંડો—અલી એમ ના બોલીશ એતો મેમાણછે તેન ખોટું લાગશે.

ગુલાબ—મેમાણછે એતો મુસલમાન કેહેવાય. માટે એમનુ ઘરમાં કામ નથી તરત રવાના કરો.

ગાંડો—રાંડ છાની રહે (મારવા જાયછે) એતો ગરા શીઆછે મને રસ્તામો જોખમ લઇને આ વવાને ચોરની બીક લાગી તે એ બીચારા મુકવા આવ્યા છે રસોઇ કર જમાડીને પછી રજા આપીશું.

ગુલાબ—રસોઇ તઇયારછે જમાડીને રવાને કરો.

એચોર—હમારે જમવુ નથી અમારો મેનતના બદ લામાં પેલી કોઠી આપો.

ગુલાબ—કોઠીતો નહી અપાય આ કોથળીમાંથી પાંચ રૂપીઆ આપીને રાજી કરો.

ખાંપરો—અમારા દેશમાં એવી કોઠી થતી નથી માટે કોઠી આપો.

ગાંડો—લ્યોલે લઇ જાવ તમારા કરતાં કોઠી વધારે નથી ખાંપરો ચોર તરત ગાંમમાંથી એક ગાડુ લાવ્યો ને પેલી કોઠીને ગાડા ઉપર ચડાવીને ચાલવા માંડ્યું એટલે માસ્તર કોઠીમાં બેઠાબેઠા કહે મારા ભોગ મળ્યારે.

પ્રવેશ ૫ મો.

સ્થલ ગાંમથી બાહાર મેદાન.

કોહોડીઓ—ખાંપરાભાઇ કોઠી તો કાચી છે ગાડામાં ખટકખટક થાયછે તેથી ભાંગી જશે.

ખાંપરો ચોર—ખરી વાતછે આ મેદાંનમાં ગારા તો ઘણુંછે તેને એકઠું કરીને કોઠીને પકવીને લઇજઇએતો ઠીક.

(ગાડા ઉપરથી કોઠી ઉતારી ગારા લાવીને ગોઠવેછે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ લખપતી શેઠનુ ઘર.

લખપતી—અલી સાંભળેછે કે આપણો મગનલાલ કેમ જણાતો નથી

ચંપા વહુ શેઠાણી—કાલે રાતનો આવ્યો નથી

(ગુલાબ વહુ ઘુંમટો તાણી ગાતી ગાતી જાયછે—દોહરો

લખપતી તું સેઠીઆ—જુવો ગાંમ ભાગોળ.

લાખનુ લેખું લેખીને—કરો વંસની ખોળ.

લજ્જા રહે તુજ કુળની—તેવું કરજો કાંમ.

મુખે માગે તે આપજો—કોઠી કેરૂ દાંમ.

લખપતી—(મેતાનાં શામુ જોઇને) આ કોણ બોલેછે.

ઝટાસંકર મેતો—કોઇ બાઇ કેહતી કેહતી ગઇ.

પ્રવેશ ૭ મો.

(ગાંમથી બાહાર મેદાંન)

લખપતી શેઠ—ભાઇઓ તમે બે જણા આ કોઠી ન શું કરોછો.

ખાંપરો ચોર—સેઠ કોઠી કાચી છે તેથી પકવીએ છીએ.

લખપતી—મુર્ખાઓ એ કોઠીતો પકવેલી છે ને ઘણી શારીછે એના તમને એકસો રૂપીઆ આપુ મને આપો.

કોહોડીઓ—એવી કોઠી અમારા ગાંમમાં મળતી નથી તેથી પકવીને અમે અમારે ગામ લઇ જઇશુ તમે એક લાખ રૂપીઆ આપસો તોપણ મલવાની નથી.

લખપતી—લાખ રૂપીઆ તમારા નામ ઊપર ખુર

બાંનછે એ લાખ રૂપીઆ લ્યો પણ કોઠી પક
વશો નહી.

જટાશંકર મેહેતો—શેઠ આજે તમે ભાંગ પીધી છે કે કેમછે, એવી કોઠીતો રૂપીઆની બે મળેછે.

બે ચોર—મેહેતાજી શેઠને હમજાવો હવે થોડો ફેર છે સવા લાખ રૂપીઆની તજવીજ કરો તો કોઠી મળશે.

(આ સાંભળી ગુલાબવહુ તમાશો જોનારાઓની પછવાડે ઉભી રહીને કહેછે.) દોહરો.

બાંધી મુઠી લાખ લે ઉઘાડી હવા ખાય
ઊંદર મુળ હજાર તો કોઠી લાખ સવાય

કોહોડીઓ—(ખાંપરા ભાઇના શામુ જોઇને) ગુલાબવહુ આવ્યાં હોય એમ જણાયછે.

ખાંપરો—હા ભાઇ ગુલાબવહુ આવ્યાંછે હવે મઝા થશે જો પેલી તરફથી આએ ગાંમનો રાજા આવેછે હવે બહુ મઝા પડશે. તે વખતે બોગજોગે તે ગામનો રાજા તયાં આવી પહોચ્યો તે આરેમ શરવ લોકોને એકઠા થયેલા જોઇને પુછ્યુ જે ભાઇઓ આએ કોઠીમાં શુછે.

કોહોડીઓ—માહારાજ એવી કોઠી અમારા ગામમાં લાખ રૂપીઆ આપતા મલતી નથી તેથી અમે અમારે દેશ આ કોઠી લઇ જઇએ છીએ

પણ જરા કાચીછે તેને બરાબર પકવીને લઇ જઇએ. રસ્તામાં ભાગી જાએ નહીં ને વલી વચમાં આ લખપતી શેઠ આવીને લાખ રૂપી આ આપવા ઉભા થઆછે રાજાએ મનમાં વી ચાર્યું કે એ કોઠીમાં એવી શું કીમતછે જે વાણીઓ એ કોઠીના લાખ રૂપીયા આપેછે માટે કાંઇ કારણ જોઇએ તે વખતે રાજાએ પેલા બે ચોરોને કહ્યુ કે હુ એ કોઠીના શવા લાખ રૂપીઆ આપુછું મને આપશો.

કોઠીઓને ખાપરો—હાજી પણ રૂપીઆ પેહલા લઇ શુ પછી કોઠીને હાથ લગાડવા દઇશુ. રાજાએ તેજ વખતે સવાલાખ રૂપીઆ આપવા વજીર ને હુકમ આપયો, તે લઇ પેલા બે ચોરો પો તાને ગામ જતા રહ્યા. હવે પેલી તરફ મેદા નમાં રાજાએ સૌના દેખતા કોઠી ઉઘડાવી તો માંહેથી મગનલાલ માસ્તર નીકળ્યો તે જોઇ લખપતી શેઠ લજ્યા પામી પોતાના પુત્રને ધીકારવા લાગ્યો.

રાજા—માસ્તરના શામુ જોઇને તારી આદશા કે મ થઇ તે કહે.

રાજાને જોઇને મગનલાલ શરમાઇને બોલ્યો કે હું ગુલાબવહુના ફંદમાં ફસાયાથી મારી આ દ શા થઇછે. તેજ વખતે રાજાએ એકદમ ગુલાબવ

હુને, પકડી ગધેડાં ઉપર બેસાડી તે ગામની બાહાર દેશનિકાલ કરી, અને લખપતિ શેઠને તેના પુત્રની બદફેલી માટે સવાલાખ રૂપીઆ દંડ કર્યો.

"ગ્રહસ્થો આપણે સારી પેઠે સમજીએ છીયેકે, બુરા લક્ષણથી પરિણામે બુરૂ ફળ પ્રાપ્ત થાયછે, તો પણ આજકાળ ઘણા ગ્રહસ્થો એ ચાલને છોડતાં નથી કેવું દલગીરી ભરેલું છે." તેના આ ટુક સારમાં મગનલાલ માસ્તરનો દાખલો આપ્યો છે.

સમાપ્ત.

જાહેર ખબર

આમારે ત્યાંથી નિચે લખેલી ચોપડીઓ મળશે.

	અગાઉથી.	પાછળથી.
ગુલ્લાબસીંહ ઠાકોર અને કમળાવતિની વાર્તા (છપાયછે)	૦—૬—૦	૦—૮—૦
અંત:પુરની રમણીયો.(છપાયછે)	૦—૬—૦	૦—૧૦—૦
		તૈયાર છે.
ચંદ્રસેન અને વેણી પદ્મમણી		૦—૮—૦
સીતળા સાતમની કથા સ્કંધ પુરાણ ઉપરથી		૦—૦—૬
ડાકોરમાં રણછોડજીની ઉત્પતિ		૦—૦—૬

સામટી લેનારને કમીશનથી આપવામાં આવશે. બહાર ગામ વાલા સાહેબોએ પોસ્ટેજ વધારે મોકલવો નોટપેડ કાગળો લીધામાં આવશે નહી.

લા૦ વલભદાશ શુંદરજી.
વ્યવસ્થાપક પુસ્તકોતેજક મંડળી.
જેઠાની કાપડ બજાર ઘડીઆલવાલી
રૂગનાથજી લાધાની દુકાને.